## (1) પુલીક્કાલી કળા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કળા કેરળની છે.

(2) આ લોકકળાનું પ્રદર્શન ઓણમના દિવસે કરવામાં આવે છે.

(3) આ કળાની મુખ્ય થીમ વાઘનો શિકાર હોય છે.

(4) આ કળા મહારાજા રામ વર્મા દ્વારા પરિચિત કરાવવામાં આવી હતી.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ કોરોના વાયરસના કારણે આ વર્ષે કેરળમાં પુલીક્કાલી કળાનું પ્રદર્શન ઓનલાઈન કરવામાં આવશે.

⇛ મલયાલમમાં પુલીનો અર્થ ચિત્તો અથવા વાઘ થાય છે. કાલીનો અર્થ નાટક અથવા પ્રદર્શન એવો કરવામાં આવે છે.

⇛ આ શેરી લોકકળાનું પ્રદર્શન ઓણમના ચોથા દિવસે કરવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ લોકકળા કેરળના થ્રિસુર (ત્રિચુર) જિલ્લા માટે મુખ્ય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કળાની મુખ્ય થીમ વાઘના શિકારની હોય છે. ભાગ લેનારાઓ વાઘ અને શિકારીનું પાત્ર ભજવે છે અને પોતાના શરીરને પાત્ર મુજબ રંગે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે સમયના કોચીનના મહારાજા રામ વર્મા સકથાન થમ્પુરાન દ્વારા આ કળા પરિચિત કરાવવામાં આવી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) AFSPA કાનૂન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરુંનામ આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ છે.
(2) આ કાનૂનની રચના 1965ના યુદ્ધ બાદ કરવામાં આવી હતી.
(3) જસ્ટીસ જીવન રેડ્ડી કમિટીએ આ કાનૂનનો અંત કરવાની ભલામણી કરી હતી.
(4) તાજેતરમાં મેઘાલયમાં આ કાનૂનની સમય મર્યાદા 6 મહિના માટે વધારવામાં આવી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આસામમાં AFSPAની સમય મર્યાદા છ મહિના માટે વધારવામાં આવી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ AFSPAનું પૂરુંનામ Armed Forces (Special Powers) Act, 1958 છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કાનૂનની રચના 1958માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તે સમયે આ કાનૂન પૂર્વોત્તર ભારતના 7 રાજ્યોમાં લાગું થયો હતો. ત્યારબાદ 1983માં પંજાબમાં અને 1990માં જમ્મુ–કાશ્મીરમાં લાગુ કરવામાં આવ્યો હતો.

⇛ માર્ચ, 2019માં મેઘલાયમાંથી આ કાનૂનને સંપૂર્ણ રીતે ઉઠાવી લેવામાં આવ્યો છે.

⇛ જસ્ટીસ જીવન રેડ્ડી કમિટીએ આ કાનૂનને નાબૂદ કરવાની ભલામણ કરેલી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) 'India's Turning Point' રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રિપોર્ટ વિશ્વ બેંક તથા એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) રિપોર્ટ મુજબ, 2030 સુધીમાં ભારતમાં બિન–ખેતી ક્ષેત્રે નવા 9 કરોડ શ્રમિકો હશે.
(3) આર્થિક વૃદ્ધિ માટે ઉત્પાદન અને બાંધકામ ક્ષેત્ર સૌથી વધુ તક પ્રદાન કરે છે.
(4) સરકારી સંસ્થાઓની ઉત્પાદકતા વધારવા માટે તેનું ખાનગીકરણ કરવાનું સૂચવવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ McKinsey Global Institute દ્વારા 'India's Turning Point : An economic agenda to spur growth and jobs' નામનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ રિપોર્ટમાં એક રિફોર્મ એજન્ડા આપવામાં આવ્યો છે. તેનું અમલીકરણ આવનાર 12-18 મહિનામાં કરવાથી ઉત્પાદકતા અને રોજગાર સર્જનમાં વધારો થઈ શકે તેમ છે.

⇛ ભારતમાં વસતી વધારા તથા શહેરીકરણના ટ્રેન્ડને જોઈને અનુમાન કરવામાં આવ્યું છે કે, ભારતમાં 2030 સુધીમાં બિન–ખેતી ક્ષેત્રે નવા 9 કરોડ શ્રમિકો હશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ માટે રોજગાર સર્જન 4 મિલિયનમાંથી વધારીને 12 મિલિયન કરવાની જરૂર છે.

⇛ આર્થિક વૃદ્ધિ તથા ઉચ્ચ રોજગાર માટે ઉત્પાદન અને બાંધકામ ક્ષેત્ર સૌથી વધુ તક પ્રદાન કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ટોચની 30 સરકારી સંસ્થાઓનું ખાનગીકરણ કરતાં તેમની ઉત્પાદકતા બમણી થઈ શકે તેમ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(4) ભારતના એટર્ની જનરલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) બંધારણના અનુચ્છેદ 76માં એટર્ની જનરલ વિશે માહિતી આપવામાં આવી છે.

(2) એટર્ની જનરલ બનવા માટે સુપ્રીમ કોર્ટના જજ બનવા જેટલી લાયકાત જરૂરી છે.

(3) બંધારણમાં તેના કાર્યકાળ વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

(4) તેઓ સંસદના બન્ને ગૃહોમાં બેસવાનો અને બોલવાનો અધિકાર ધરાવે છે.

(A) માત્ર (1) અને (4)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (2)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ભારતના એટર્ની જનરલ કે. કે. વેણુગોપાલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, લોકડાઉનના કારણે રાજ્યોની GST આવકમાં થયેલાં નુકશાનની ભરપાઈ કેન્દ્રએ કરવી જોઈએ.

⇛ બંધારણના અનુચ્છેદ 76માં એટર્ની જનરલ વિશેની માહિતી આપવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

⇛ એટર્ની જનરલ બનવા માટે સુપ્રીમ કોર્ટના જજ બની શકાય તેટલી લાયકાત જરૂરી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ બંધારણમાં તેમના કાર્યકાળ વિશેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેઓ સંસદના બન્ને ગૃહોમાં બેસવાનો અને બોલવાનો અધિકાર ધરાવે છે. પરંતુ તે કોઈ પ્રક્રિયા માટે મત આપવાનો અધિકાર ધરાવતાં નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) આર્મ્ડ ફોર્સ ટ્રિબ્યુનલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે ભારતની મિલિટરી ટ્રિબ્યુનલ છે.
(2) તેની સ્થાપના AFSPA અધિનિયમ હેઠળ કરવામાં આવી હતી.
(3) તેની દરેક બેચમાં 3 ન્યાયિક સભ્ય તથા 2 વહીવટી સભ્યો હોય છે.
(4) ન્યાયિક સભ્ય તરીકે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ હોય છે.

(A) માત્ર (1)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ આર્મ્ડ ફોર્સ ટ્રિબ્યુનલ એ ભારતની એક મિલિટરી ટ્રિબ્યુનલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેની સ્થાપના 2009માં આર્મ્ડ ફોર્સ ટ્રિબ્યુનલ એક્ટ, 2007 હેઠળ કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ એક્ટ પસાર કરવા માટે લો કમિશનનો 169મો રિપોર્ટ જવાબદાર છે.

⇛ તેની રચના આર્મી એક્ટ, નેવી એક્ટ અને એર ફોર્સ એક્ટ સાથે સંકળાયેલા લોકોની સેવાની બાબતને લગતા પ્રશ્નોના સમાધાન માટે કરવામાં આવેલી છે.

⇛ આ ટ્રિબ્યુનલની પ્રત્યેક બેચમાં એક ન્યાયિક સભ્ય અને એક વહીવટી સભ્ય હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ન્યાયિક સભ્ય તરીકે હાઈકોર્ટના નિવૃત્ત જજ હોય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT